નાગેશ સુર્વે

‘બોલિવૂડના વ્હિસલિંગ સ્ટાર’

નીચેના ગીતોમાં વ્હિસલિંગ તમે સાંભળી શકો

ગીત	ફિલ્મ	વર્ષ
‘દિલ ક્યા કરે’	‘જુલી’	૧૯૭૫
‘ઝિંદગી મિલ કે બિતાયેંગે’	‘સત્તે પે સત્તા’	૧૯૮૨
‘સો ગયા યે જહા’	‘તેજાબ’	૧૯૮૮
‘એ મેરે હમસફર’	‘બાઝીગર’	૧૯૯૩
‘મૈં કોઈ ઐસા ગીત ગાઉં’	‘યસ બોસ’	૧૯૯૭
‘સપને મેં મિલતી હૈ’	‘સત્યા’	૧૯૯૮
‘કિસકા હૈ યે તુમકો ઈન્તેઝાર’	‘મેં હૂં ના’	૨૦૦૪
‘ચાંદ સિફારિશ’	‘ફના’	૨૦૦૬
‘ધુમ અગેઈન’	ધુમ ૨	૨૦૦૬

લેજેન્ડ

બોલિવૂડ ફિલ્મ સંગીત એ માત્ર ગાયકો, સંગીતકારો અને ગીતકારોનું બનેલું નથી; તેમાં એવા અનેક પડદા પાછળના કલાકારોનો ફાળો છે જેમનું નામ ભાગ્યે જ કોઈ સાંભળતું હોય છે. આવા જ એક કલાકાર હતા નાગેશ સુર્વે, જેમને ‘વ્હિસલિંગ વિઝાર્ડ’ અથવા ‘બોલિવૂડના વ્હિસલિંગ સ્ટાર’ તરીકે ઓળખવામાં આવે છે.

નાગેશ સુર્વે બોલિવૂડના એકમાત્ર એવા કલાકાર છે જેમને સીટી વગાડવાની કળામાં મહારત હાંસલ કરી. જોકે, દુર્ભાગ્યની વાત એ છે કે તેમને ભાગ્યે જ કોઈ ગીતમાં સત્તાવાર ક્રેડિટ મળી હતી. તેમની સફરની શરૂઆત ત્યારે થઈ જ્યારે સંગીત ડિરેક્ટર રાજેશ રોશનજીએ તેમની પ્રતિભાને પારખી અને તેમને ૧૯૭૫ની ફિલ્મ ‘જુલી’ના ગીત ‘દિલ ક્યા કરે’માં સીટી વગાડવાની પહેલો ચાન્સ આપ્યો. આ ગીતમાં તેમની સીટીએ જે જાદુ વેર્યો, તેણે તેમને બોલિવૂડના સંગીતકારોની નજરમાં લાવી દીધા.

૧૯૮૦ના દાયકામાં નાગેશ સુર્વેની સીટીનો જાદુ ચારેબાજુ ફેલાઈ ગયો હતો. ‘સત્તે પે સત્તા’ (૧૯૮૨)નું ગીત ‘જીંદગી મિલ કે બિતાયેંગે’માં તેમની સીટી સાંભળવા મળે છે. ૧૯૮૮માં આવેલી ફિલ્મ ‘તેજાબ’ના આઇકોનિક ગીત ‘સો ગયા યે જહાન’માં પણ તેમનું ટેલેન્ટ સ્પષ્ટ દેખાય છે.

નાગેશ સુર્વે બોલિવૂડના એવા કલાકારોમાંના એક છે જેમના અવાજને કરોડો લોકોએ સાંભળ્યો છે અને પસંદ કર્યો છે,ભાગ્યે જ લોકો તેમનો ચહેરો કે નામ જાણતા હશે!

૯૦ના દાયકા સુધીમાં તો તેમની માંગ એટલી વધી ગઈ હતી કે તેમને તે સમયના ટોચના સંગીતકારો જેટલા પૈસા મળવા લાગ્યા હતા. લક્ષ્મીકાંત-પ્યારેલાલ, અનુ મલિક અને જતીન-લલિત જેવા દિગ્ગજ સંગીતકારો તેમની સીટી વગરનું ગીત અધૂરું માનતા હતા.

ઘણા લોકોને લાગે છે કે સીટી વગાડવી એ સામાન્ય બાબત છે, પરંતુ નાગેશ સુર્વેએ તેને એક શાસ્ત્રીય વાદ્યની જેમ વગાડી. સંગીતકારો તેમની પાસે ચોક્કસ સૂર અને તાલની અપેક્ષા રાખતા, જે તેઓ બહુ જ સરળતાથી પૂરી કરતા. રિતિક રોશનની ફિલ્મ ‘હીરોપંતી’ ના ટાઈટલ સોંગ ‘વ્હિસલ બાજા’ (૨૦૧૪) માં પણ તેમની સીટીનો ઉપયોગ થયો છે.

નાગેશ સુર્વે બોલિવૂડના એવા કલાકારોમાંના એક છે જેમના અવાજને કરોડો લોકોએ સાંભળ્યો છે અને પસંદ કર્યો છે, ભાગ્યે જ લોકો તેમનો ચહેરો કે નામ જાણતા હશે! ●

પંચમ દાએ મન્ના ડે માટે ગીત બનાવ્યું પણ કિશોર દાએ ‘ઝૂંટવી’ લીધું!

બધું ફાઈનલ હતું, પણ પંચમ દાના મગજમાં કંઈક અલગ જ ખીચડી રંધાતી હતી. તેમને થયું કે જો આ ગીત કિશોર પાસે ગવડાવીએ તો? તેમણે જ્યારે આ વાત ડાયરેક્ટરને કરી, ત્યારે ડાયરેક્ટર ચોંકી ગયા. તેમણે કહ્યું, પંચમ, તું પાગલ થઈ ગયો છે? કિશોર કુમાર અને ક્લાસિકલ ગીત?

મ્યૂઝિક -મોમેન્ટ

ભારતીય સંગીતની દુનિયામાં એક એવો જાદુગર હતો જેના માટે સંગીતના સાત સૂર રમત સમાન હતા. વાત છે કિશોર કુમારની! કિશોર દા એટલે માત્ર ગાયક નહીં, પણ મસ્તી અને અતરંગી અંદાજનો પર્યાય. આજે આપણે બોલિવૂડના એક એવા સુપરહિટ ગીતની પાછળની કહાની જાણીશું, જે ગીત હકીકતમાં કિશોર કુમાર માટે બન્યું જ નહોતું!

વર્ષ ૧૯૭૧માં નિર્દેશક રાજેન્દ્ર ભાટિયા તેમની ફિલ્મ ‘પરાયા ધન’ બનાવી રહ્યા હતા. ગીતો લખ્યા હતા આનંદ બક્ષી સાહેબે અને સંગીત પીરસ્યું હતું યુવા પંચમ દા એટલે કે આર.ડી. બર્મને. ફિલ્મમાં એક ગીત એવું હતું જે પહાડી અને શાસ્ત્રીય (સેમી-ક્લાસિક) લય પર આધારિત હતું. પંચમ દાએ આ ગીત ખાસ મન્ના ડેને ધ્યાનમાં રાખીને કમ્પોઝ કર્યું હતું. મન્ના ડે એટલે શાસ્ત્રીય સંગીતના મહારથી અને આ ગીત બલરાજ સાહની જેવા સિરિયસ પર ફિલ્માવવાનું હતું.

બધું ફાઈનલ હતું, પણ પંચમ દાના મગજમાં કંઈક અલગ જ ખીચડી રાંધતી હતી. તેમને થયું કે જો આ ગીત કિશોર પાસે ગવડાવીએ તો? તેમણે જ્યારે આ વાત ડાયરેક્ટરને કરી, ત્યારે ડાયરેક્ટર ચોંકી ગયા. તેમણે કહ્યું, પંચમ, તું પાગલ થઈ ગયો છે? કિશોર કુમાર અને ક્લાસિકલ ગીત? એ પણ બલરાજ સાહની માટે? આ મેળ નહીં બેસે! પણ પંચમ દા પોતાની જીદ પર અડગ રહ્યા.

કિશોર કુમાર સ્ટુડિયોમાં આવ્યા ત્યારે પંચમ દાએ તેમને સ ા ફ શબ્દોમાં કહ્યું હતું: ‘કિશોર, આ ગીત પ્રોપર ક લ ા સિ ક લ સ્ટાઈલમાં જ ગાવાનું છે, કોઈ મસ્તી નહીં! કિશોર દાએ માથું હલાવીને હા તો કહી દીધી, પણ જેવું માઈક સામે ઊભા રહ્યા કે તેમનો અસલી મિજાજ બહાર આવ્યો. જેવું ગીત શરૂ થયું, કિશોર દાએ શાસ્ત્રીય સૂરને બદલે પોતાની અનોખી યોડલિંગ શરૂ કરી દીધી: ‘‘આઓ જૂમેં ગાયેં..’’ પંચમ દા એક ક્ષણ માટે સ્તબ્ધ થઈ ગયા! કિશોર દાએ બનાવેલી ધૂન તોડી નાખી હતી અને તેમાં પોતાનો ‘મસાલો’ ભભરાવી દીધો હતો. પરંતુ જે લય પકડાયો હતો, તે એટલો અદ્ભુત હતો કે પંચમ દાએ રેકોર્ડિંગ રોક્યું નહીં.

જ્યારે ગીત ફાઈનલ થયું ત્યારે આખા સ્ટુડિયોમાં સન્નાટો છવાઈ ગયો... અને પછી શરૂ થઈ તાળીઓની ગુંજ! જે ગીત માત્ર એક ગંભીર રાગ બનીને રહી જવાનું હતું, તેને કિશોર કુમારની આ ‘હરકતે’ એક એવું સદાબહાર ગીત બનાવી દીધું જે આજે પણ લોકોના મોસ્ટ ફેવરિટ છે.

કિશોર કુમારની આ કહાની આપણને શીખવે છે કે જો તમારી પાસે પ્રતિભા હોય, તો ક્યારેક નિયમો તોડીને કરેલી મસ્તી પણ માસ્ટરપીસ બનાવી શકે છે. કિશોર દા એટલે જ કિશોર દા હતા, કારણ કે તેઓ સંગીતના પાઠ્યપુસ્તકોથી નહીં, પણ દિલથી ગાતા હતા.

તમને કિશોર કુમારનું કયું ગીત સૌથી વધુ ગમે છે? શું તમને લાગે છે કે મન્ના ડે આનાથી વધુ સારું ગાઈ શક્યા હોત? ●

‘યે દિલ, દીવાના.....’ ગીત જેણે સોનુ નિગમની કિસ્મત બદલી નાખી!

એક ઉતાવળમાં કરેલું શૂટિંગ અને રસ્તામાં લેવાયેલા શોટ્સ આજે બોલિવૂડના સૌથી આઇકોનિક સીન્સમાં ગણાય છે.

બોલિવૂડમાં ઘણા એવા ગીતો છે જે વર્ષો સુધી યાદ રહે છે, પણ અમુક ગીતો એવા હોય છે જે માત્ર સંગીત નથી હોતા, એક આખો ઈતિહાસ હોય છે. 1997માં આવેલી સુભાષ ઘઈની ફિલ્મ ‘પરદેસ’નું ગીત ‘યે દિલ દીવાના’ આવું જ એક ગીત છે. આજે પણ જ્યારે આ ગીત સાંભળીએ છીએ તો મનને સુકૂન મળે છે. પરંતુ શું તમે જાણો છો કે આ આખું ગીત કેવી રીતે અને કેટલી ઉતાવળમાં બન્યું હતું? આ ગીત પાછળનો ‘ડ્રામા’ કોઈ ફિલ્મથી ઓછો નથી. ચાલો જાણીએ આ ગીતના મેકિંગ પાછળની રોમાંચક કહાની.

પરદે કે પીછે

સુભાષ ઘઈ ફિલ્મ ‘પરદેસ’નું શૂટિંગ અમેરિકામાં કરવા માંગતા હતા. તેમની પાસે યુએસ જવા માટે માત્ર 10-12 દિવસ બાકી હતા અને તેમને એક ધમાકેદાર ગીત જોઈતું હતું જે તેઓ ત્યાં શૂટ કરી શકે. ફ્લાઈટની ટિકિટો કન્ફર્મ હતી, લોકેશન તૈયાર હતા, પણ એક મોટી સમસ્યા હતી-ગીત હજુ લખાયું જ નહોતું!

સુભાષ ઘઈ સાહેબ દોડતા ગયા ગીતકાર આનંદ બક્ષી પાસે અને હાંફતા હાંફતા કહ્યું, ‘બક્ષી સાહેબ, મારી પાસે માત્ર 10 દિવસ છે. મારે લોસ એન્જલસમાં ધમાલ મચાવવી છે, પ્લીઝ દિલ પર કંઈક એવું લખો કે દુનિયા જોતી રહી જાય! આનંદ બક્ષી સાહેબે પણ કલમ ઉપાડી અને જાદુ કરી દીધો. તેમણે આ ગીત લખ્યું જે આજે પણ બધાની પ્લેલિસ્ટમાં જોવા મળે છે. ગીત લખાયા પછી તેને કમ્પોઝ કરવા માટે સંગીતકાર નદીમ-શ્રવણ પાસે પણ બહુ ઓછો સમય હતો. આ આખું ગીત માત્ર બે જ દિવસમાં તૈયાર કરવામાં આવ્યું હતું! કારણ કે બીજા દિવસે સુભાષને ફ્લાઈટ પકડવાની હતી. ત્યારબાદ એન્ટ્રી થઈ એક યુવાન ગાયક -સોનુ નિગમની. તે સમયે સોનુ નિગમ ઈન્ડસ્ટ્રીમાં પોતાની ઓળખ બનાવી રહ્યા હતા. ત્યારે સોનુ માટે આ માત્ર એક ગીત નહોતું, પોતાની જાતને સાબિત કરવાની તક હતી. જ્યારે સોનુ નિગમ રેકોર્ડિંગ સ્ટુડિયોમાં આવ્યા, ત્યારે ગીતને કંઈક અલગ રીતે ગાવાનું નક્કી કર્યું. સોનુ નિગમે આ ગીતને ત્રણ અલગ-અલગ લેયર્સમાં રેકોર્ડ કર્યું.



એક મજેદાર વાત એ છે કે, સોનુ નિગમે આ ગીતમાં તેમનો ‘માઈકલ જેક્સન’ ટચ ઉમેર્યો હતો. રેકોર્ડિંગ સ્ટુડિયોમાં ગીત ગાતી વખતે સોનુ એટલા જોશમાં આવી ગયા હતા કે માઈક સામે ઊભા ઊભા તેઓ હવામાં ‘ફ્લાઈંગ કિક્સ’ મારી રહ્યા હતા! ગીતમાં જે ‘આહ! અને ઓહ!ના અવાજો છે ને? એ જ આ ગીતનો અસલી જીવ છે. સોનુની આ એનર્જી ગીતના અવાજમાં સ્પષ્ટ દેખાય છે, જેણે આ ગીતને એક અલગ જ લેવલ પર પહોંચાડી દીધું. આ ગીતના શૂટિંગનો કિસ્સો તો તેનાથી પણ વધુ ફિલ્મી છે. ગીતના શૂટિંગના દિવસે શાહરૂખ ખાનને ઈન્ડિયા પાછા આવવાનું હતું. શાહરૂખ પાસે શૂટિંગ માટે બિલકુલ સમય નહોતો. તેમણે સુભાષને કહ્યું, ‘સર, મારે નીકળવું પડશે.’ ત્યારે સુભાષે એક આઈડિયા લગાવ્યો. તેમણે શાહરૂખને કહ્યું, ‘તારે કશું જ કરવાનું નથી, બસ તું ગાડીમાં બેસી જા અને ડ્રાઈવ કર, હું શૂટ કરી લઈશ.’ તમને જાણીને નવાઈ લાગશે કે ગીતનો જે પહેલો હિસ્સો છે, જેમાં શાહરૂખ ખાન કાર ચલાવતા જોવા મળે છે, તે ખરેખર લોસ એન્જલસથી નેવાડા એરપોર્ટ જતી વખતે રસ્તામાં શૂટ કરવામાં આવ્યો હતો!

એક ઉતાવળમાં કરેલું શૂટિંગ અને રસ્તામાં લેવાયેલા શોટ્સ આજે બોલિવૂડના સૌથી આઈકોનિક સીન્સમાં ગણાય છે. ‘યે દિલ દીવાના’એ સાબિત કરે છે કે ક્યારેક પ્રેશર અને ઉતાવળમાં બનાવેલી વસ્તુઓ પણ માસ્ટરપીસ બની શકે છે. આનંદ બક્ષીના શબ્દો, નદીમ-શ્રવણનું સંગીત, સોનુ નિગમનો અવાજ અને શાહરૂખ ખાનની સ્ટાઈલ - આ બધાના મિશ્રણે આપણને એક એવું ગીત આપ્યું જે આજે આટલા વર્ષો પછી પણ એટલું જ તાજું લાગે છે.

તો હવે જ્યારે તમે આ ગીત સાંભળો, ત્યારે યાદ કરજો કે આની પાછળ એક એરપોર્ટ જતી ટેક્સી અને એક ગાયકની ફ્લાઈંગ કિક્સ છુપાયેલી છે! ●